# જામનગર મહાનગરપાલિકા
# સ્ટોર શાખા – જામનગર.

## <u>જુદી–જુદી શાખાના જુદા–જુદા પ્રકારના કુલ ૧૯ સ્ક્રેપ વાહનોનું ઓનલાઈન ઈ–ઓકશન</u>

### ઈ–ઓકશન ટેન્ડર ડોકયુમેન્ટ

### ઈ–ઓકશન ટેન્ડર શેડયુઅલ

**ટેન્ડર ફી : રૂા. ૫,૦૦૦/–**

<table>
<tr><td>કચેરી ખાતેથી રૂબરૂ તેમજ ઓનલાઈન ઈ–ઓકશન ફોર્મ ડાઉનલોડ કરવાની તારીખ</td><td>તા. ૨૦–૦૨–૨૦૧૭ થી ૨૭–૦૨–૨૦૧૭ સાંજે ૬:૦૦ કલાક સુધી<br>https://e-auction.nprocure.com</td></tr>
<tr><td>ફીઝીકલ ટેન્ડર ફોર્મ ઈ.એમ.ડી. તથા અન્ય આધારો સહિત ટેન્ડર ફોર્મ પરત મોકલવાની તારીખ</td><td>તા. ૦૨–૦૩–૨૦૧૭ સાંજે ૬:૦૦ કલાક સુધી<br>નાયબ ઈજનેર, પ્રોજેકટ એન્ડ પ્લાનીંગ શાખા<br>મહાનગર સેવા સદન–૧<br>બીજો માળ, લાલ બંગલો સર્કલ, જામનગર.</td></tr>
<tr><td>ઈ–ઓકશનમા ભાગ લેનાર માટે ઓનલાઈન ઓકશનની ટ્રેનીંગ</td><td>તા. ૦૬–૦૩–૨૦૧૭ બપોરે ૧૨:૦૦ કલાકે<br>નાયબ ઈજનેર, પ્રોજેકટ એન્ડ પ્લાનીંગ શાખા<br>મહાનગર સેવા સદન–૧<br>બીજો માળ, લાલ બંગલો સર્કલ, જામનગર.</td></tr>
<tr><td>ઈ–ઓકશન શેડયુઅલ</td><td>
<table>
<tr><th>લોટ નંબર</th><th>ઈ–ઓકશનની તારીખ તથા સમય</th></tr>
<tr><td>૧</td><td>તા. ૦૭–૦૩–૨૦૧૭<br>બપોરે ૧૨:૦૦ થી ૨:૦૦</td></tr>
<tr><td>૨</td><td>તા. ૦૭–૦૩–૨૦૧૭<br>બપોરે ૪:૦૦ થી ૬:૦૦</td></tr>
</table>
</td></tr>
</table>

**જામનગર મહાનગરપાલિકા**
**સ્ટોર શાખા – જામનગર.**

**<u>જુદી–જુદી શાખાના જુદા–જુદા પ્રકારના કુલ ૧૯ સ્ક્રેપ વાહનોનું ઓનલાઈન ઈ–ઓકશન</u>**

# હેલ્પ ડેસ્ક ફોર ઈ–ઓકશન

| | | | |
|---|---|---|---|
| (૧) | એડ્રેસ | : | જીએનએફસી(એન)કોડ સોલ્યુશન<br>૪૦૩, જી.એન.એફ.સી. ટાવર,<br>એસ.જી. હાઈવે, બોડકદેવ,<br>અમદાવાદ – ૩૮૦ ૦૫૪ |
| (૨) | વેબ | : | https://e-auction.nprocure.com |
| (૩) | ફોન નંબર | : | ૦૨૮૮–૨૫૫૦૨૩૧ એક્સ્ટેન્શન ૫૪૧ |

# જામનગર મહાનગરપાલિકા
# સ્ટોર શાખા – જામનગર.

## <u>જુદી–જુદી શાખાના જુદા–જુદા પ્રકારના કુલ ૧૯ સ્ક્રેપ વાહનોનું ઓનલાઈન ઈ–ઓકશન</u>

**એનેક્ષર–સી**

| લોટ નંબર | ડીટેઈલ્સ ઓફ લોટ | વાહન નંબર | મેન્યુઝફે કચરીંગ કર્યાનું વર્ષ | આર.સી. પાસીંગ વર્ષ | અસલ આર.સી. બુકની છે કે નહીં ? | આર.સી. બુકની ઝેરોક્ષ છે કે નહીં ? | જથ્થો | અપસેટ પ્રાઈઝ | ઈ.એમ.ડી. (રૂા.) | મીનીમમ ઈન્ક્રીમેન્ટ ઓફ પ્રતિ બીટ રૂા. | ઓકશનની તારીખ | ઓકશનનો સમય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | વેકયુમ કલીનર વીથ ક્રીસ્ટલ એન્જીન | - | - | - | ના | ના | 1 | 35000 | | | | |
| 1 | એસ્કોર્ટ લી ૧૯૯૬ જે.સી.બી. લોડર | GJ-10-U 4985 | 1996 | 1996 | ના | હા | 1 | 150000 | | | | |
| 1 | મહિન્દ્રા ટ્રેકટર ૨૦૦૩ | GJ-10-AF 0754 | 2003 | 2006 | ના | હા | 1 | 90000 | | | | |
| 1 | અતુલ ઓટો ઈરવન ૨૦૦૩ | GJ-10-V 8197 | 2003 | 2003 | ના | હા | 1 | 25000 | | | | |
| 1 | એસ્કોર્ટ લી., જે.સી.બી. લોડર | GJ-10-V 4693 | - | - | ના | ના | 1 | 175000 | | | | |
| 1 | એસ્કોર્ટ લી., જે.સી.બી. લોડર | GJ-10-U 7725 | - | - | ના | ના | 1 | 150000 | | | | |
| 1 | વેકયુમ કલીનર એલ.સી.વી. | - | - | - | ના | ના | 1 | 20000 | | | | |
| 1 | વોટર ટેન્કર (પાણીની ટાંકી માત્ર) | - | - | - | ના | ના | 2 | 50000 | | | | |
| 1 | મહિન્દ્રા ટ્રેકટર ૧૯૯૮ | GJ-10-E 9979 | 1998 | 1998 | ના | હા | 1 | 60000 | | | | |
| 1 | હાઈડ્રોલીક ટાવર લેડર | GJ-10-U 8748 | 1998 | 1998 | હા | હા | 1 | 80000 | | | | |
| | કુલ | | | | | | | **835000** | **85000** | **5000** | **07-03-2017** | **12:00 to 2:00** |

| લોટ નંબર | ડીટેઈલ્સ ઓફ લોટ | વાહન નંબર | મેન્યુફેક્ચરીંગ કર્યાનું વર્ષ | આર.સી. પાર્સીંગ વર્ષ | અસલ આર.સી. બુકની છે કે નહી ? | આર.સી. બુકની ઝેરોક્ષ છે કે નહી ? | જથ્થો | અપસેટ પ્રાઈઝ | ઈ.એમ.ડી. (રૂા.) | મીનીમમ ઈન્ક્રીમેન્ટ ઓફ પ્રતિ બીટ રૂા. | ઓકશનની તારીખ | ઓકશનનો સમય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા જીપ | GJ-10-U 8725 | 1998 | 1998 | ના | ના | 1 | 50000 | | | | |
| 2 | મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા જીપ | GJ-10-U 8726 | 1998 | 1997-98 | ના | ના | 1 | 45000 | | | | |
| 2 | હુન્ડાઈ વર્ના એસ.એકસ. | GJ-10-G 4444 | 2012 | 2012 | ના | ના | 1 | 500000 | | | | |
| 2 | ટાટા ઈન્ડિગો | GJ-10-G 0638 | 2009 | 2009 | ના | હા | 1 | 110000 | | | | |
| 2 | મારૂતી એસ્ટીમ | GJ-10-F 3715 | 2001 | 2001 | ના | હા | 1 | 30000 | | | | |
| 2 | ટાટા ઈન્ડિકા | GJ-10-F 9003 | 2003 | 2003 | ના | હા | 1 | 35000 | | | | |
| 2 | અતુલ છકડો રીક્ષા | GJ-10-V 3181 | - | - | ના | ના | 1 | 20000 | | | | |
| 2 | વોટર ટેન્કર | GTP 7870 | - | - | ના | ના | 1 | 60000 | | | | |
| 2 | એમ્બ્યુલેન્સ | GJ-10-V 7744 | 2002 | 2002 | હા | હા | 1 | 45000 | | | | |
| | **કુલ** | | | | | | | **895000** | **90000** | **5000** | **07-03-2017** | **4:00 to 6:00** |

# જામનગર મહાનગરપાલિકા
# સ્ટોર શાખા – જામનગર.

## <u>જુદી–જુદી શાખાના જુદા–જુદા પ્રકારના કુલ ૧૯ સ્ક્રેપ વાહનોનું ઓનલાઈન ઈ–ઓકશન</u>

## <u>મુખ્ય શરતો</u>

(૧) ઈ–ઓકશનમાં ભાગ લેનાર ટેન્ડરર / બીડરે લોટ વાઈઝ ઈ.એમ.ડી. તથા ટેન્ડર ફી મ્યુનિ. કમિશ્નર, જામનગર મહાનગરપાલિકાની ફેવરમાં ડી.ડી. / રોકડેથી ફીઝીકલ ડોકયુમેન્ટ સબમીશનમાં સાથે મોકલવાની રહેશે. ટેન્ડર ફી નોન રીફન્ડેબલ રહેશે. ઈ.એમ.ડી. ભર્યા વગરના ડોકયુમેન્ટસ આપોઆપ રદ ગણાશે. તથા તે પાર્ટી ઈ–ઓકશનમાં ભાગ લઈ શકશે નહીં.

(૨) જામનગર મહાનગરપાલિકાના જુદી–જુદી શાખાઓના સ્ક્રેપ થયેલ જુદા–જુદા ૧૯ પ્રકારના વાહનોનું ઈ–ઓકશન **https://e-auction.nprocure.com** ઉપર એનેક્ષર–સીમા દર્શાવેલ તારીખ તથા સમય પર ઓનલાઈન થશે. કુલ (બે) લોટમાં ઓકશન થશે જેમા પ્રથમ લોટમાં ૧૦ વાહનો તથા બીજા લોટમાં ૯ વાહનોનો સમાવેશ કરવામાં આવેલ છે. પાર્ટી ધ્વારા લોટ વાઈઝ ઓફર આપવાની રહેશે. એટલે કે અલગ–અલગ વ્યકિતગત વાહનોની ઓફર આપવાની રહેશે નહીં.

(૩) ઓકશનમાં ભાગ લેનાર પાટીએ ભાગ લેતા પહેલા આ તમામ વાહનો કે હાલે જામનગર મહાનગરપાલિકાના કેમ્પસમાં રાખવામા આવેલ છે તે જોઈ, તપાસી, ચકાસી ત્યારબાદ જ ઓકશનમાં ભાગ લેવાનો રહેશે. ઓકશન થઈ ગયા બાદ કોઈપણ જાતના વાંધાઓ / તકરાર માન્ય ગણાશે નહીં.

(૪) ઓકશનમાં ભાગ લેનાર તમામ પાર્ટી / વ્યકિત / પેઢી પાસે માન્ય કલાસ–૩ ડીજીટલ સર્ટીફીકેટ તેમજ **https://e-auction.nprocure.com** પરનું યુઝર આઈ.ડી. અથવા યુઝર નેમ રજીસ્ટર્ડ કરવુ ફરજીયાત છે. તેમજ ફીઝીકલ ડોકયુમેન્ટ સબમીશન વખતે આ યુઝર આઈ.ડી. / નેમ ડોકયુમેન્ટ સાથે રજૂ કરવાનું રહેશે.

(૫) ઓકશનમાં ભાગ લેનાર તમામ પાર્ટી / વ્યકિત / પેઢીએ ફીઝીકલ ડોકયુમેન્ટમા વેટ રજી. સર્ટી., પાન કાર્ડ, બેંક ડીટેઈલ, સરનામુ, ઈ–મેલ આઈડી વિગેરે તમામ માહિતી રજૂ કરવાની રહેશે. અધુરા ડોકયુમેન્ટ સાથેની ઓફર માન્ય ગણાશે નહીં.

(૬) ઈ–ઓકશનમાં બન્ને લોટ માટેની અપસેટ પ્રાઈઝ થી ઓકશન ચાલુ થશે તેમજ એનેક્ષર–સીમા દર્શાવ્યા પ્રમાણે બન્ને લોટમાં ઓકશન માટેનું ઈન્ક્રીમેન્ટ રહેશે. તથા આ તમામ શરતો તમામ પાર્ટીને બંધનકર્તા રહેશે.

(૭) કોઈપણ કારણોસર સર્વર પ્રોબ્લેમ અથવા નેટવર્કના કારણે ઓકશનની તારીખે ઓકશન ન થઈ શકે તો તેની કોઈપણ જવાબદારી મહાનગરપાલિકાની રહેશે નહીં.

(૮) ઓકશન માટેના ફીઝીકલ ડોકયુમેન્ટ નિયત સમય મર્યાદામાં પહોચાડવાના રહેશે. ત્યારબાદ આવેલ ડોકયુમેન્ટ રદ ગણાશે. તથા ઓકશનમા ભાગ લઈ શકશે નહીં.

(૯) કોઈપણ જાતના શરતી ભાવો માન્ય ગણાશે નહીં.

(૧૦) જયુડીશનરી ક્ષેત્ર જામનગર રહેશે. તેમજ મ્યુનિ. કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી તથા બંધનકર્તા રહેશે.

(૧૧) ઓકશનમાં ભાગ લેવા માટે તા. ૬–૩–૧૭ના રોજ મહાનગર સેવાસદન–૧, પ્રોજેકટ પ્લાનીંગ શાખા ખાતે ઓનલાઈન ઓકશનની ટ્રેનીંગ આપવામાં આવશે.

(૧૨) ઓકશનમાં જે પાર્ટીના નિયત કરેલ ઓનલાઈન ઓકશનના અંતે સૌથી વધુ ભાવો આપવામાં આવશે તે પાર્ટીએ દિન–૩માં હાઈએસ્ટ ઓફરની રકમ મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. તથા વાહનોનો કબ્જો આ રકમ ભરપાઈ કર્યા બાદ દિન–૭માં જે તે સ્થિતિમાં લઈ લેવાનો રહેશે. જો સાત દિનમાં કબ્જો લેવામાં નહીં આવે તો પ્રતિ દિત રૂા. ૧,૦૦૦/–ની પેનલ્ટી લાગુ પાડવામાં આવશે.

(૧૩) એનેક્ષર–સીમાં બન્ને લોટના વાહનોની આર.ટી.ઓ. પાસીંગ વર્ષ તથા આર.સી. બુકની વિગતો દર્શાવવામા આવેલ છે. ઓકશન થયા બાદ જે તે સ્થિતિમાં તમામ વાહનોનો કબ્જો મેળવી સ્વખર્ચે લઈ જવાના રહેશે. તેમજ ભવિષ્યમાં ડોકયુમેન્ટ તથા વાહનોની સ્થિતિ બાબતે કોઈપણ જાતનો વાદ–વિવાદ કે દાવો માન્ય ગણાશે નહીં.

(૧૪) ઓકશન ફોર્મ રૂબરૂ નિયત કરેલ તારીખમાં શાખામાંથી પણ નિયત કરેલ ફી ભરી મેળવી શકાશે તેમજ ઓનલાઈન **https://e-auction.nprocure.com** ઉપર મેળવી શકાશે.

(૧૫) છેલ્લી પાંચ મીનીટોમાં બીડ આવશે તો બીડ પાંચ મીનીટ એકસ્ટેન્ડ થશે અને આ રીતે કુલ ૫ વખત બીડ એકસ્ટેન્ડ થઈ શકશે.

(૧૬) વાહન વેચાણ લેનાર ઈસમોએ સરકારશ્રીના ધારાધોરણ મુજબ વાહનની કિંમત ઉપરાંત વેટ તથા અન્ય ટેકસ ભરપાઈ કરવાના રહેશે. તેમજ સરકારી વાહન ટ્રાન્સ.ફર કરવા માટે (હરરાજીમાં ભાગ લેનારના નામે જે ચઢાવવા માટે કાગળોની કાર્યવાહી જે તે વેચાણ રાખનારે કરવાની રહેશે. આ અંગે થનાર ખર્ચ જે તે વેચાણ રાખનારે ભરવાનો રહેશે.)

(૧૭) વાહનોની ઈ–ઓકશન સંજોગોવશાત તારીખમાં ફેરફાર થવા પાત્ર રહેશે.

(૧૮) ટેન્ડર ડોકયુમેન્ટસ ઓનલાઈન પણ તા. ૨૦–૨–૧૭ થી ૨૭–૨–૧૭ સુધીમાં ડાઉનલોડ કરી શકાશે. તથા ટેન્ડર ફી ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરથી ફીઝીકલ ડોકયુમેન્ટ રજૂ કરતા સમયે સાથે જોડવાની રહેશે. ટેન્ડર ફી વગરના ડોકયુમેન્ટ આપોઆપ રદ પાત્ર ગણાશે.

(૧૯) ઈ–ઓકશનમાં જે પાર્ટીની હાઈએસ્ટ ઓફર આવશે તે પાર્ટીએ તે કિંમતના ૫% લેખે વેટ તથા ૧% લેખે ટી.સી.એસ. અલગથી ભરપાઈ કરવાનો રહેશે. જે ભરપાઈ કર્યા બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**કન્ટ્રોલીંગ અધિકારી** **આસી. કમિશ્નર (વ.)**

સ્ટોર શાખા